# સંઘ અને ભાજપને કોંગ્રેસના સર્ટિફિકેટની કોઈ જરૂર નથી

વિપક્ષના નેતાએ કરેલા આરએસએસ પરના આક્ષેપ અંગે કડક પ્રતિક્રિયા આપતા ભાજપના પ્રવક્તા ભરત પંડ્યાએ જણાવ્યું હતું કે, હજી હમણાં સુધી આરએસએસના સ્વયંસેવક તરીકે પોતે ગૌરવ લેતા હતા. રાજકીય લાભ માટે કોંગ્રેસમાં ગયા પછી કોંગ્રેસ અધ્યક્ષા સોનીયા ગાંધી, રાહુલ ગાંધી અને અહેમદ પટેલને ખુશ કરવા આરએસએસને વખોડે તે યોગ્ય નથી. પંડ્યાએ વધુમાં જણાવ્યું હતું કે, દેશના ભાગલાવાદ, કોમવાદ, જાતિવાદ અને આતંકવાદની તરફેણ કરતા કોંગ્રેસ પક્ષને આરએસએસના રાષ્ટ્રવાદને સમજતાં હજી ૨૦ વર્ષ લાગશે. આરએસએસ રાષ્ટ્રવાદ અને સામાજિક સમરસતા અને લોકસેવા માટે કામ કરે છે. ભારતીય જનતા પાર્ટીના કાર્યકર્તા હંમેશ રાષ્ટ્ર પ્રથમ, પાર્ટી બીજા ક્રમે અને પોતાની જાતને છેલ્લી રાખનારા સૌ રાષ્ટ્રભક્તિ માટે પ્રતિબદ્ધ છે. પંડ્યાએ વધુમાં જણાવ્યું હતું કે, દેશની સુરક્ષા ગૌરવ અને સેવા માટે આરએસએસ કામ કરતી પ્રખર દેશભક્તિ માટેની સંખ્યા છે. પંડ્યાએ યાદ અપાવ્યું હતું કે, સને ૧૯૬૨માં યુદ્ધ દરમ્યાન હજારો સ્વયંસેવકોએ લશ્કરના જવાનો સાથે અડીખમ ઉભા રહ્યા હતા અને તેનાથી પ્રભાવિત થઈને તત્કાલિન વડાપ્રધાન જવાહરલાલ નહેરૂએ આરએસએસના સ્વયંસેવકોને આઝાદીની પરેડમાં ભાગ લેવા આમંત્રણ આપ્યું હતું. મોરબી હોનારત, ભુકંપ, રેલ સંકટ હોય, દેશમાં આવેલ કોઈપણ સંકટ હોય સતત પ્રજાની સાથે ખડપગે કામ કરતી દેશભક્તિની સંસ્થા આરએસએસ ભાજપને કોંગ્રેસના કોઈ દેશભક્તિના સર્ટીફિકેટની જરૂર નથી.



શિસ્તબદ્ધ વિદ્યાર્થીઓ : ગાંધી વિચારધારા સાથે કાર્યરત ગુજરાત વિદ્યાપીઠના પદવીદાન સમારંભમાં વિદ્યાર્થીઓની શિસ્ત અને સંસ્કાર આંખે ઉડીને વળગે છે. તેજસ્વી વિદ્યાર્થીઓનું કુલપતિ ઈલાબેન ભટ્ટ દ્વારા અભિવાદન કરાયું હતું. વિદ્યાપીઠના સ્થાપના દિવસે યોજાતા પદવીદાન સમારંભમાં મુખ્ય મહેમાન પદેથી જાણીતા ઈતિહાસકાર રામચંદ્ર ગુહાએ મનનીય પ્રવચન આપ્યું હતું.

# સત્તાની લાલચમાં ભાજપ સૈનિકોની શહાદતને ભૂલી

શંકરસિંહ વાઘેલાએ જણાવ્યું હતું કે, આરએસએસની વાત નીકળી છે ત્યારે હું પૂછવા માંગું છું કે, શું જમ્મુ કાશ્મીરમાં આરએસએસના વિચારોથી સરકાર બની છે. જ્યાં છેલ્લા ૧૦૧ દિવસથી કાયદો અને વ્યવસ્થાનું સરવૈયું જોઈએ તો ૧૦૧ કરતાં પણ વધારે કાશ્મીરીઓ કે જે ભારતીયો જ છે, તેમને ઢાળી દેવાયા. જમ્મુ કાશ્મીર સ્થિત હિઝબુલ મુજાબીદ્દીનના કમાન્ડર બુરહાન વાનીને ભાજપના નાયબ મુખ્યમંત્રી શહીદનો દરજ્જો આપે છે. જમ્મુ કાશ્મીરના મુખ્યમંત્રી ભાજપના ટેકાથી રાજય ચલાવે છે, તેમને બુરહાન વાનીને મારી નાંખવાની માહિતી નહોતી, જો એમને માહિતી હોત તો બુરહાન વાનીને બચાવવાની તેઓ ચોક્કસ કોશિષ કરત તેવું તેમના નિવેદનો પરથી ફલિત થાય છે. આરએસએસના વિચારોથી અને ભાજપના ટેકાથી ચાલતી સરકાર આતંકવાદીઓને છાવરવાનું કામ કરી રહી છે. તેનો હિસાબ કિતાબ સરકારે આપી તેનો જાહેરમાં સ્વીકાર કરવો જોઈએ. શંકરસિંહ વાઘેલાએ જણાવ્યું હતું કે, જમ્મુ કાશ્મીરમાં ભાજપના પિતામહને શ્રીનગરની જેલમાં પુરી, તેમનું ખુન કરી નાંખવામાં આવ્યું હોવાનો આક્ષેપ ભાજપ કરી રહી છે, ત્યારે ત્યાંથી સરકાર કે જે ભાજપની મહેરબાનીથી ચાલી રહી છે. તે કમસે કમ આ કાવતરાની તપાસ તો કરાવે. એટલું જ નહીં, ૨૦૧૪થી કેન્દ્રમાં ભાજપ-એનડીએ સત્તામાં છે. ત્યારે કાશ્મીરમાં આટલા બધા દિવસ સુધી કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ પડી ભાંગી હોય તેવું પહેલીવાર બન્યું છે. આજદિન સુધી કાશ્મીરમાં ખુલ્લેઆમ પાકિસ્તાનના ઝંડા ફરકાવાતા હતા, હવે ચીનના પણ ઝંડા ફરકી રહ્યા છે. આરએસએસના રાષ્ટ્રભક્તો જે રાષ્ટ્રધ્વજ લઈને લાલચોકમાં આતંકવાદીઓને ચેલેન્જ આપવાનું સાહસ કરેલું એ જ રાષ્ટ્રધ્વજને આતંકવાદીઓ ખુલ્લેઆમ પગ નીચે કચડી રહ્યા છે, બાળી રહ્યા છે. જમ્મુ કાશ્મીરમાં ભાજપનું શાસન છે. ત્યાં ચાર જિલ્લાઓમાં ૩૬ પોલીસ સ્ટેશનોમાંથી ૩૨ પોલીસ સ્ટેશન બંધ છે.

# દિવાળીના આગમનને પગલે ડીસામાં ઉલ્લાસનો માહોલ

ડીસા, તા. ૧૮

દિવાળીના તહેવારો નજીક આવી રહ્યા છે. ત્યારે ડીસા સહિત બનાસકાંઠા જિલ્લાની બજારોમાં લઈ જતુ પર્વ એટલે દિવાળી અન્ય તહેવારો કરતા દિવાળીનું સવિશેષ મહત્વ હોવાથી આનંદ ઉલ્લાસ સાથે દિવાળી અને તેના તહેવારોની સ્ટોર્સના માલિક યુધિસ્ટર ખત્રીએ જણાવ્યું હતું કે દિવાળી એકદમ નજીક આવે ત્યારે પડાપડી ન સર્જાય તે માટે લોકો કપડા, દાગીના, ફર્નિચર,



અત્યારથી જ ખરીદી અર્થે ભીડ વધી રહી છે. લોકો દિવાળીની તૈયારીઓમાં વ્યસ્ત બન્યા છે. લોકો પોતાના આવાસોને નવા રંગ રોગાન સહિત પ્રવૃત્તિઓ કરી રહ્યા છે.

જ્યોત અને પ્રકાશના પર્વ સમા દિવાળીના તહેવારો નજીક આવી રહ્યા છે. હિન્દુ સંસ્કૃતિમાં દિવાળી એટલે અંધકારમાંથી પ્રકાશ તરફ શૃંખલાની ઉજવણી થાય છે. દશેરા બાદ ૨૦ દિવસે આવતી દિવાળીના તહેવારની તૈયારીઓ શરૂ થઈ ગઈ છે. ડીસા સહિત જિલ્લાના વિવિધ શહેરોમાં ફટાકડાના હોલસેલ વેપારીઓએ ફટાકડાને જથ્થો સ્ટોક કરી દીધો છે. બજારમાં પણ ધીરે ધીરે ઘરાકી વધી રહી હોવાના ડીસા મેઈન બજારમાં આવેલી નરેશ પ્રોવિઝન રંગરોગાનના સામાન વગેરની ખરીદીમાં લાગતા વેપારીઓને ત્યાં ભરચક ભીડ થઈ જાય છે એટલે ખરીદીની મજા આવતી નથી. ભાવતાલ બેસતો નથી. હાલમાં ઘરાકી ઓછી છે જો કે પ્રતિદિન તેમાં વધારો થઈ રહ્યો છે એટલે અત્યારે દિવાળી માટે ખરીદી કરવાનું ગરીબ અને મધ્યમ વર્ગ માટે અનુકૂળ રહે છે.

# વાઈબ્રન્ટ ગુજરાત પ્રતિનિધિને સાઉદી ખાતે જોરદાર પ્રતિસાદ

અમદાવાદ, તા.૧૮

જીએનએફસીના અગ્ર સચિવ અને મેનેજીંગ ડાયરેક્ટર ડૉ. રાજીવ કુમાર ગુપ્તાની આગેવાની હેઠળ એક ઉચ્ચ સ્તરીય પ્રતિનિધિમંડળે તા. ૩ થી ૧૧ ઓક્ટોબર, ૨૦૧૬ દરમિયાન સાઉદી અરેબિયા, કુવૈત અને કતારની મુલાકાત લીધી હતી. આ પ્રતિનિધિમંડળમાં કેમિકલ્સ અને પેટ્રોકેમિકલ્સ, ઉર્જા, માળખાગત સુવિધાનો વિકાસ, શિક્ષણ, આર્થિક સેવાઓ વગેરે જેવા ક્ષેત્રોમાંથી પ્રતિનિધિત્વ કરનારા ૧૦ વરિષ્ઠ કારોબારી આગેવાનોનો સમાવેશ કરવામાં આવ્યો હતો.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની એપ્રિલ ૨૦૧૬ દરમિયાન સાઉદી અરેબિયા તેમજ જુન ૨૦૧૬ દરમિયાન કતારની મુલાકાત દરમિયાન હાથ ધરવામાં આવેલા ચાવીરૂપ એજન્ડાના ફોલોઅપ તરીકે આ મુલાકાતનું આયોજન કરવામાં આવ્યું હતું. જેના ફળશ્રુતિરૂપે આ બે દેશો સાથે આંતરિક સહકાર અને આર્થિક સંબંધો વિકસાવવાના નવા આયામો ખુલવા પામ્યા છે. પ્રતિનિધિમંડળે જેદ્દાહ, રીયાધ, દમામ, કુવૈત અને કતારમાં ચેમ્બર ઓફ કોમર્સના સભ્યો સાથે ફળદાયી ચર્ચા વિચારણા હાથ ધરી હતી. ગુજરાતને રોકાણ માટેના એક આદર્શ સ્થળ તરીકે પ્રસ્તુત કરતા ડૉ. ગુપ્તાએ રોકાણકાર સહાયક નીતિઓ, સિંગલ વિન્ડો કિલયરન્સ પ્રોસીજર, સીમલેસ બિઝનેસ ઈકો સિસ્ટમ અને રાજય દ્વારા પ્રસ્તુત તંદુરસ્ત માળખાગત સુવિધાઓ વગેરે દ્વારા ગુજરાત એક આદર્શ સ્થળ હોવા પર ભાર મૂકીને મૂડી રોકાણ માટે અનુરોધ કર્યો હતો. આ પ્રતિનિધિમંડળ ઈસ્લામિક ડેવલપમેન્ટ બેંકની મુલાકાત પણ લીધી હતી અને ઈસ્લામિક કોર્પોરેશનના ચીફ એક્ઝીક્યુટિવ ઓફિસર સાથે આઈડીબી ખાતે ક્ષેત્રના વિકાસમાં સહકાર આપવા જણાવ્યું હતું.

ઈસ્લામિક કોર્પોરેશનના સીઈઓ શ્રીયુત ખાલીદ અલ અબુબીએ જણાવ્યું હતું કે, આ પ્રકારે આઈસીડીની મુલાકાત લેનારૂ એકમાત્ર પ્રતિનિધિમંડળ ગુજરાત સરકાર તરફથી છે. સાઉદી ચેમ્બર્સના મેમ્બર ઓફ કાઉન્સિલ સાથેની બેઠક દરમિયાન, રીયાધમાં ૨૮ સાઉદી ચેમ્બર્સ માટેના અધિકૃત ફેડરેશનના સાઉદી ઈન્ડિયન બિઝનેસ કાઉન્સિલના ચેરમેન કામેલ એસ અલ મુનાજેદે જણાવ્યું હતું કે, પ્રથમ અવસર છે કે જ્યારે એક ભારતીય રાજય તરફથી કોઈ પ્રતિનિધિમંડળ અમને મળવા આવ્યું હોય. આ પ્રતિનિધિમંડળે સાઉદી અરેબિયન જનરલ ઈન્વેસ્ટમેન્ટ ઓથોરિટીના વરિષ્ઠ અધિકારીઓની મુલાકાત લીધી હતી અને પરસ્પર રોકાણવિષયક તકો વિશે ચર્ચા વિચારણા કરી હતી. ડૉ. ગુપ્તાએ તેમના દેશમાં રોકાણ વિષયક તકોના પ્રોત્સાહન માટે વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ દરિયાન સાઉદી અરેબિયા દેશનો સેમિનાર યોજવા દરખાસ્ત કરી હતી અને એસએજીઆઈએના અધિકારીઓએ તેનો ઉમળકાભેર સ્વીકાર કર્યો હતો.

# કાંકરિયામાં ભેખડ ધસી પડતા ત્રણ મજુરો દટાયા

શહેરના દક્ષિણઝોનમાં આવેલા કાંકરીયા વિસ્તારમાં નગીનાવાડીની સામેના ભાગમાં આજે સવારના સુમારે એક કન્સ્ટ્રકશન સાઈટના ચાલી રહેલા બાંધકામ સમયે ભેખડ ધસી પડતા ત્રણ મજુરો દટાઈ જવા પામ્યા



હતા. આ અંગે પ્રાપ્ત વિગતો મુજબ, કાંકરીયા વિસ્તારમાં નગીનાવાડીની સામેના ભાગમાં તુષાર કો.ઓ.સો.લી.દ્વારા નવા એપાર્ટમેન્ટ બનાવવાની કામગીરી ચાલી રહી હતી. આ દરમ્યાન આજે સવારે સવાઆઠના સુમારે અચાનક ભેખડ ધસી પડતા ત્યાં કામ કરી રહેલા ત્રણ મજુરો દટાઈ જવા પામતા આ ઘટના અંગે મ્યુનિસિપલ ફાયરબ્રિગેડને આ ઘટના અંગે જાણ કરવામાં આવી હતી.

## સેનાનો ગોળીબાર

● અનુસંધાન પહેલાનું ચાલુ

હતા. જવાબી કાર્યવાહી કરવામાં આવ્યા બાદ બે પાકિસ્તાની સેનિકો ઘાયલ થયા હતા. સંરક્ષણ પ્રધાન મનોહર પારિકર કહી ચુક્યા છે કે પાકિસ્તાની સેના દ્વારા કરવામાં આવી રહેલા ગોળીબારનો ભારતીય જવાનો જોરદાર જવાબ આપી રહ્યા છે. તેમણે કહ્યુ હતુ કે છેલ્લા પાંચ છ વર્ષોમાં સેંકડો યુદ્ધ વિરામના ભંગ પાકિસ્તાન દ્વારા કરવામાં આવી ચુક્યા છે. પહેલાની તુલનામાં પાકિસ્તાનને હવે યોગ્ય જવાબ ભારતીય સેનાના જવાન આપી રહ્યા છે. પાકિસ્તાને પોતાના નાપાક ઈરાદા એ દિવસે પણ જારી રાખ્યા હતા જ્યારે ભારતમાં ગોવા ખાતે રશિયન પ્રમુખ વ્લાદીમીર પુટિન, ચીનના પ્રમુખ શી જિનપિંગ વાતચીત કરી રહ્યા હતા. બ્રિક્સના અન્ય લીડરો પણ એ વખતે હાજર રહ્યા હતા. પાકિસ્તાન સાથે સંબંધ હાલમાં ખુબ તંગ બનેલા છે.

## પાણી આપવા

● અનુસંધાન પહેલાનું ચાલુ

પેનલે કહ્યું હતું કે, કર્ણાટક અને તમિળનાડુમાં પાણીની અછત છે જેથી બેરોજગારી વધી રહી છે. લોકોને આર્થિક તકલીફમાંથી પસાર થવાની ફરજ પડી રહી છે. સુપ્રીમ કોર્ટ દ્વારા કાવેરી બેસિનની જમીન નિહાળવા માટેના હેતુથી બનાવવામાં આવેલી સુપરવાઈઝરી કમિટિએ કહ્યું હતું કે, બંને પડોશી રાજ્યોને એકબીજાની સિંચાઈની જરૂરિયાતોને ધ્યાનમાં લઈને આગળ વધવું જોઈએ. પ્રદેશના લોકોને તેમના હિસાબથી જ શિક્ષિત કરવામાં આવે તે જરૂરી છે. નવ સભ્યોની સમિતિએ પોતાના ૪૦ પાનાના રિપોર્ટમાં કહ્યું હતું કે, બંને રાજ્યોના ખેડૂતો ગંભીર તકલીફનો સામનો કરી રહ્યા છે. તેમને પુરતા પ્રમાણમાં વળતર મળે તે જરૂરી છે. સુપ્રીમ કોર્ટે એમ પણ કહ્યું હતું કે, કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જાળવી રાખવા માટે તમામ પગલા લેવામાં આવે તે પણ ખુબ જરૂરી છે.

## ગાંધીનગર પધારતા

● અનુસંધાન પહેલાનું ચાલુ

ગુજરાત નોલેજ વિલેજ ખાતે બપોરના ૩.૩૦ કલાકે પધારનાર છે. બાપુ ગુજરાત નોલેજ વિલેજ અને ગાંધીનગર ચેરીટેબલ ટ્રસ્ટના ઉપક્રમે આયોજિત ગેસ્ટ લેકચર સીરીઝ અને એવોર્ડ સમારોહના કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે દેશના આદરણીય રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જી તેમજ અતિથિવિશેષ તરીકે ગુજરાત રાજયના રાજયપાલ ઓપી કોહલી ઉપસ્થિત રહેનાર છે.

## ઈમરજન્સી પ્લાન

● અનુસંધાન પહેલાનું ચાલુ

સૂત્રોના કહેવા મુજબ ચૂંટણીના સમયે આ બાબતને ધ્યાનમાં લેવામાં આવશે કે ઈમરજન્સીના સમયે ફાઈટર અથવા તો અન્ય વિમાનના ઉતરાણ માટે ઓછામાં ઓછી જગ્યાઓનો ઉપયોગ કરવામાં આવે છે. ગયા મહિનામાં માર્ગ અને પરિવહન પ્રધાન નીતિન ગડકરીના એક પ્રશ્નના જવાબમાં સંરક્ષણ મંત્રી મનોહર પારીકરે સૂચન કર્યું હતું કે, એક કમિટિ આ અંગે માહિતી મેળવે કે સમગ્ર દેશમાં કેટલા હાઈવેનો ઉપયોગ આ હેતુસર કરી શકાય છે. આ કમિટિમાં હાઈવે, સંરક્ષણ મંત્રાલય, વાયુદળના પ્રતિનિધિઓનો સમાવેશ થયા છે. ઉરીમાં થયેલા હુમલા બાદ વધી ગયેલી તંગદિલી બાદ પાકિસ્તાની હવાઈ દળે જેટના ઉતરાણ માટે ઈસ્લામાબાદ અને લાહોર વચ્ચે એક પ્રમુખ હાઈવેને બંધ કરી દેવાની જાહેરાત કરી હતી. મોડેથી એવી જાહેરાત કરાઈ હતી કે, રુટિન અભ્યાસના ભાગરુપે આ નિર્ણય લેવાયો હતો. ગયા વર્ષે હવાઈ દળે નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયા પાસેથી એવી યોજનાઓ અંગે માહિતી માંગી હતી જે હેઠળ નવા હાઈવે બનાવવામાં આવનાર હતા. અને જુનાને આ રીતે અપગ્રેડ કરવાની વાત હતી જેનો ઉપયોગ જેટ વિમાનોના ઉતરાણ અને ટેકઓફ માટે રનવે તરીકે કરી શકાય. ગયા વર્ષે મે મહિનામાં હવાઈ દળના મિરાજ વિમાનને મથુરા નજીક યમુના એક્સપ્રેસ ઉપર ઉતારવાને લઈને ભારે ચર્ચા રહી હતી.

## યુનિ. કાર્યરત

● અનુસંધાન પહેલાનું ચાલુ

મળે તેવી શિક્ષા-દિક્ષા પ્રણાલીથી ગુજરાતને એજ્યુકેશન હબ બનાવ્યું છે. મુખ્યમંત્રીએ મહાત્મા મંદિર ગાંધીનગર ખાતેથી ઈન્ટરનેશનલ કોન્કલેવ ઓન હાયર એજ્યુકેશન ક્વોલિટી, ગવર્નન્સ એન્ડ ઈનોવેશનનો પ્રારંભ કરાવ્યો હતો. વાયબ્રન્ટ ગુજરાત સમિટ-૨૦૧૭ના પૂર્વાધરૂપે રાજયના શિક્ષણવિભાગે આ કોન્કલેવનું આયોજન કર્યું છે. વિજય રૂપાણીએ આ કોન્કલેવ નોલેજ શેરિંગનું મહત્વપૂર્ણ પ્લેટફોર્મ બનશે તેવો વિશ્વાસ વ્યક્ત કરતાં કહ્યું કે, વિશ્વની માનવજાતના કલ્યાણની ભાવના સાથેનું આધુનિક જ્ઞાન સંગમ કરતું શિક્ષણ જ નોલેજ ઈકોનોમીનું અધિષ્ઠાતા બનવાયું છે. તેમણે સ્કિલ, સ્કેલ એન્ડ સ્પીડની આજની કોમ્પિટિટિવ નોલેજ સેન્ચ્યુરીમાં અનિવાર્યતા વર્ણવતા જણાવ્યું કે, યુવાશક્તિના ભવિષ્ય માટે શિક્ષણમાં થતું રોકાણ એ રાષ્ટ્રનિર્માણનું જ કાર્ય અને દાયિત્વ છે. મુખ્યમંત્રીએ ઉમેર્યું કે, અખુટ પ્રતિભાથી થનગનતા યુવાઓ માટે યુનિવર્સિટી એજ્યુકેશનમાં સ્પેશ્યલાઈઝેશન, ઈનોવેશન અને એકસલન્સના મોડેલરૂપ યુનિવર્સિટીઓ ફોરેન્સીક સાયન્સથી યોગ યુનિવર્સિટી સુધીના સર્વગ્રાહી શિક્ષણ વિકાસ માટેની ગુજરાતની અભિનવ પહેલ છે. તેમણે સ્ટાર્ટઅપના આધારે યુવાશક્તિના સામર્થ્યને નિખાર આપી નવા આવિષ્કારો સાથે ગુજરાતને અગ્રેસર રાખવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી.

## મતદાન કર્યું

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

બુધવારે સવારે નવ વાગે જિલ્લા પંચાયતના સરદાર હોલમાં જ મતગણતરીની કામગીરી હાથ ધરવામાં આવશે.

ચૂંટણી અધિકારી અજય પટેલે જણાવ્યુ છે કે બે કલાકમાં પરિણામ જાહેર થઈ જશે. મત ગણતરી માટેની સંપૂર્ણ તૈયારીઓ થઈ ગઈ હોવાનું પણ તેમણે જણાવ્યું છે.

બીજી તરફ આજે પંચાયતની ૧૬ બેઠક માટે મતદાન કરવા ત્રણ અને ચારના જૂથ બનાવી કોંગ્રેસના સભ્યો મતદાન કરવા ગયા હતા. સમગ્ર ચૂંટણી પ્રક્રિયા પર નજર રાખવા જિલ્લા કોંગ્રેસ પ્રમુખ સૂર્યસિંહ ડાભી પણ બપોરના બે વાગ્યા સુધી પંચાયતમાં ખડેપગે રહ્યા હતા.

આજની આ ચૂંટણીમાં મતદાન પૂર્વે કોંગ્રેસના સભ્યોને મતદાન માટે ત્રણ વખત વિશેષ તાલિમ પંચાયત પ્રમુખના નિવાસસ્થાને મળેલ બેઠકમાં અપાઈ હતી.

ભાજપે પણ આ ચૂંટણીમાં ઝુકાવ્યુ હોવાથી તેના સભ્યોને પણ મતદાન માટે સમજૂતી કરવા વિશેષ બેઠક યોજી હતી.

## પરીક્ષા આપશે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સમગ્ર રાજયમાં ૧૭૫૩૨ લોકરક્ષકની ભરતી કરવામાં આવશે. પરીક્ષા માટે રાજયમાંથી ૭૮૨૭૩૦ ઉમેદવારો નોંધાયા છે. રાજયમાં કુલ ૨૦૮૨ પરીક્ષા કેન્દ્રો પર પરીક્ષાલક્ષી કાર્યવાહી હાથ ધરાશે. રાજયના સુરત, વડોદરા, અમદાવાદ અને રાજકોટ સહીત ૨૬ જિલ્લાના ઉમેદવારો પરીક્ષા આપશે. પરીક્ષાનો સમય ૧૨ થી ૧ કલાકનો રહેશે જયારે ૧૦૦ ગુણના પ્રશ્નપત્રમાં પ્રશ્નો ઓ એમ આર પધ્ધતિ આધારિત રહેશે. પરીક્ષા દરમિયાન કોઈપણ પ્રકારની ગેરરીતી ન થાય તે માટે કેન્દ્રો પર સી સી ટી વી કેમેરાની વોચ ગોઠવાશે. શાળાનો સ્ટાફ તેમજ ઉચ્ચ અધિકારીઓ પણ પરીક્ષા કેન્દ્રોનો રાઉન્ડ લઈ સતત વોચ રાખશે. ઉમેદવારોની હાજરીની નોંધ માટે ફોટોગ્રાફસ અને બાયોમેટ્રીક પધ્ધતિનો ઉપયોગ કરાશે. જેલ સિપાઈ, એસ આર પી તેમજ લોકલ પોલીસ માં મેન પાવરની ઘટ નિવારવા માટે પરીક્ષાનુ આયોજન કરવામાં આવ્યુ છે.

## મોટુ મસ ગાબડુ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

અને જોખમી બન્યુ હોવાનુ ચિત્ર ઉપસી આવ્યુ છે. ફુટપાથની જાળવણી માટે તંત્ર દ્વારા વિભાગને દરખાસ્ત કરવામાં આવી છે. પરંતુ વિભાગ કક્ષાએથી હજુ કામને મુંજુરી ન અપાતા ફુટપાથનુ યોગ્ય સમારકામ થઈ શકયુ નથી. જના પરિણામે શહેરમાં કેટલાક ઠેકાણે ફુટપાથ નાગરિકો માટે જોખમી બની છે. પ્રેસ સર્કલ પાસે ફુટપાથ વચાળે જ મોટુ મસ ગાબડુ અસ્તિત્વમાં આવ્યુ છે. વોક વે વચ્ચે મોટો ખાડો પડતા જોખમી સ્થિતિનુ નિર્માણ થયુ છે. પરંતુ તંત્ર દ્વારા વોક વે ના ગાબડા પુરવા માટે ત્વરિત પગલા લેવાતા નથી.

## બ્રિડીંગ મળ્યા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

મકાનોને આવરી લેવામાં આવ્યા હતા. મળતી વિગતો પ્રમાણે તાવની ફરિયાદ ધરાવતા ૩૭૪ જેટલી વ્યક્તિઓના લોહીના નમૂના મેળવી અને તે તપાસ માટે મોકલી આપવામાં આવેલ છે.

તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે ૧૪૦૦થી વધુ સ્થાનો પર મચ્છરોના બ્રિડીંગ મળી આવતાં તંત્રએ ત્યાં પોરાનાશક કામગીરી હાથ ધરી હતી.

દરમ્યાન આજે ખોરજ ગામેથી પણ ડેન્ગ્યુનો એક દર્દી મળી આવતાં તંત્રએ સર્વેલન્સને સઘન બનાવ્યુ છે. આ વિસ્તારમાં એન્ટી લારવેલની કામગીરી પણ સઘન બનાવવામાં આવેલ છે.

આજે સર્વેલન્સની ચાલી રહેલી કામગીરીને નિહાળવા માટે જિલ્લા વિકાસ અધિકારી દેવાંગ દેસાઈએ પણ પ્રા.આ. કેન્દ્ર અને કેટલાક ગ્રામ્ય વિસ્તારોની મુલાકાત લીધી હોવાનું જાણવા મળેલ છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાંથી ડેન્ગ્યુના છુટા છવાયા કેસો નીકળી રહ્યા છે. જો કે તંત્રએ આ વાતને ગંભીરતાથી લઈ અને સર્વેલન્સ અને એન્ટી લારવેલની કામગીરીને સઘન બનાવેલ છે.

મળતી વિગતો પ્રમાણે પાછોતરા વરસાદને કારણે ગ્રામ્ય વિસ્તારમાં વરસાદી પાણીના નિકાલમાં થયેલા વિલંબને લઈ મચ્છરોના બ્રિડીંગ વધુ મળી રહ્યા છે. પરંતુ સઘન એન્ટી લારવેલની કામગીરીને કારણે વાહકજન્ય રોગચાળો વકર્યો નથી.

જિલ્લામાં કન્સ્ટ્રકશન સાઈટો પર પણ સતત અને સઘન મોનીટરીંગ કરવામાં આવતાં આ વખતે મચ્છરોના ઉત્પત્તિ કેન્દ્રોમાં નોંધપાત્ર ઘટાડો જોવા મળ્યો હોવાનું જાણવા મળેલ છે.

## નવાં કલેવર

● ૪ પાનાનું ચાલુ...

થઈ ગઈ.

ઘેર પહોંચી તેણે તેના માતાપિતાને મળાવી. સાધારણ કુટુંબનું ઘર છતાં સપનાને તે બહુ સારું લાગ્યું. બા એ પહેલાં ચ્હા બનાવી. પછી રસોઈના કામે લાગી ગયા. જમ્યા પછી જયારે સપનાને ઘડીયાળ જોઈ તો સાડા સાત વાગી ગયા હતા. તે બોલી 'સુનિલ, મને હવે ઉતાવળથી સ્ટેશને મુકી જાવ. સાડા સાત વાગી ગયા છે.' 'હાં...હાં... કેમ નહીં ચાલો.' 'બા, તમને મળી મને બહુ સારું લાગ્યું.' સુનિલની માતા ને ચરણ સ્પર્શ કરતાં સપનાએ કહ્યું.' 'બેટા અમને તો એમ લાગ્યું જાણે ગરીબને ઘેર લક્ષ્મી પધાર્યા.' માતા એ આશીર્વાદ આપતા કહ્યું, 'સારું અંકલ, હવે હું જાણું છું.'

'સારું બેટા, સાચવીને જજે.' સુનિલના પિતાએ તેના માથે હાથ મુકતાં કહ્યું. એક અઠવાડિયા પછી અખબારમાં સપનાનો ફોટો જોતાં સુનિલ ખુશ થયો. 'બા, જો પેલી છોકરી સપના જે આપણે ઘરે આવેલી તે વહીવટી સેવામાં રાજયમાં પ્રથમ આવી. તેને એમ લાગ્યું જાણે પોતે જ અધિકારી બની ગયો ન હોય?' તેણે તરત સપનાનો ફોન કર્યો. 'સપના તમે વહીવટી સેવાની કસોટીમાં ટોપ આવ્યાં છો.' 'થેંક્સ... સુનિલ', 'તમે અહીં કયારે આવો છો?' 'બહુ જલ્દી આવીશ.' 'મારા ઘેર કયારે આવશો?' 'કયારેય નહીં...' આ સાંભળી સુનિલના હોંશ ઉડી ગયા. તે ખામોશ થઈ ગયો. તે બોલી. 'હલ્લો... હલ્લો.. સુનિલ, મારો અળાજ સંભળાય છે.'

તે માંડ માંડ એટલું બોલ્યો, 'હાં... સંભળાય છે.' તેણે પુછ્યું, 'કેમ શું થયું?' સુનિલે ઉદાસ મને પુછ્યું, 'તમે ઘેર આવવાની ના કેમ પાડી?' સપના જોરથી બોલી 'અરે બુદ્ધુ, હવે હું તમારે ઘેર ત્યારે જ આવીશ જયારે તમે ફરીથી વહીવટી સેવાની પરીક્ષા પાસ કરી મને બતાવશો.'

સુનિલને એકવાર તો એમ લાગ્યું જાણે કોઈ તેને ચેલેન્જ કરી રહ્યું છે. તેણે મનોમન નિશ્ચય કર્યો કે હવે ફરી તે વહીવટી સેવાની તૈયારી કરશે.

તે જયારે વાંચવા બેસતો ત્યારે તેના કાનમાં એક જ અવાજ ગુંજતો, 'પહેલાં વહીવટી અધિકારી બન પછી તારે ઘેર આવી આવીશ.' આ વાક્ય યાદ કરતા તે ગંભીરતાથી અભ્યાસમાં લાગી ગયો. લગભગ બે વર્ષ પછી સુનિલ પર ફોન આવ્યો, 'હલ્લો સુનિલ... કેમ છે?'

'કોણ?' 'કોણ સપના...?', 'તારી સપના...'

અભિનંદન તું પણ વહીવટ સેવાની પરીક્ષામાં રાજયસભમાં પ્રથમ આવ્યો છે.

'તમને કંઈ રીતે ખબર પડી?' સુનિલે પુછ્યું.

'અરે ગાંડા હું તારે ઘરે બેઠી છું.' સપનાએ કહ્યું, ત્યારે સુનિલની ખુશીનો પાર ન રહ્યો. તે ખરેખર ગાંડાની માફક ઘર તરફ દોડી પડ્યો. આજ કદાચ તેનું સપનું પૂરું થયું હતું.

## ગુલમહોર

● ૪ પાનાનું ચાલુ...

(૧) બે વ્યક્તિ વચ્ચે વિચારોમાં મતભેદ વધી જાય, નાના નાના મતભેદથી જ મનભેદ થાય છે, (૨) સોશિયલ અને ઈકૉનોમિક સ્ટાન્ડર્ડ બે વ્યક્તિનું જુદું જુદું હોય, (૩) બેમાંથી એક પાર્ટનરના મનમાં કોઈ અન્ય વિજાતિય વ્યક્તિ તરફ આકર્ષણ હોય અને ત્રિકોણ બની રહ્યો હોય, (૪) પ્રેમમાં, લાગણીમાં અસમાનતા હોય, એક વ્યક્તિને પાર્ટનરનો પ્રેમ ઓછો લાગે, (૫) એક પાર્ટનરને જ્યારે એમ લાગવા માંડે કે પોતાનો પાર્ટનર પોતાને ઈમોશનલી અને ફિઝીકલી એબ્યુઝ કરી રહ્યો છે, (૬) એક પાર્ટનર જ્યારે વારંવાર પોતાના સાથીને નીચો પાડવાની કોશિષ કરે અને હર્ટ કરે, (૭) પાર્ટનર જ્યારે પોતાના સાથીને વાતે-વાતે જુઠું બોલે અને જુઠી જુઠી વાતો કર્યા કરે, (૮) જ્યારે એક વ્યક્તિને પોતાના પાર્ટનરની કોઈ પણ વાત ના ગમે, (૯) જ્યારે પાર્ટનર પોતાના સાથી તરફથી કોઈ વાતે ખુશ ના હોય, આ તમામ સંજોગો લવ એન્ડ રિલેશનશીપને બ્રેક-અપ તરફ લઈ જાય છે.

**જસ્ટ ટ્વિટ :**

"એકબીજા પ્રત્યે (૧) પ્રેમ, (૨) સત્ય, (૩) નિષ્ઠા અને (૪) વિશ્વાસ રિલેશનશીપના મુખ્ય આધારસ્તંભ છે."

- મેડોના